બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮)

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. **" ભગવાન હોય તો તું પાછો કેમ આવે ?" (૨૯/૮૭)** જ. કૃષ્ણજી - મૂળજીને
મૂળજીને મહારાજને વિષે સર્વોપરીપણાનો દૃઢ નિશ્ચય હતો પણ કૃષ્ણજીને મહારાજ ભગવાન નહિ પણ મોટાપુરુષ મનાતા હતા તેથી કહે છે.

૨. **"એને તમારા ધામનો અધિકારી બનાવજો." (૭/૨૨)** જ. અમૂલાબાઈ - શ્રીજીમહારાજને
જીવાખાચરના અંત સમયે તેમના બહેન અમૂલાબાઈ મહારાજને પ્રાર્થના કરતા કહે છે.

૩. **"પ્રયત્ન કરો સત્સંગ થશે." (૩૩/૯૬)** જ. શાસ્ત્રીજી મહારાજ - મગનભાઈને
જ્યાં દારૂનો પાણીની જેમ ઉપયોગ થતો હતો તેવા ટરોરોમાં સત્સંગનો રંગ ન જોતાં મૂંઝાયેલા મગનભાઈને આશીર્વાદ આપતાં શાસ્ત્રીજી મહારાજ કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **બંધિયાના વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માંગી. (૨૮/૮૪) :-** બંધિયાના વાણિયા મહારાજને મળવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે પોતાના ભક્તરાજ ડોસાભાઈના ખબર પૂછ્યા. ત્યારે વાણિયા કહે અમે તો ગળા સુધી સંસારમાં ડૂબેલા છીએ પણ તમારા ડોસાભાઈ તો ચોટલી સુધી સંસાર-વહેવારમાં ડૂબેલા છે. તે ભગવાન ભજવા નવરા થતા જ નથી. તમારા સત્સંગી છે તેથી વખાણ કરો છો. ત્યારે મહારાજે કહ્યું : 'ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો ?' વાણિયાઓએ વિચાર્યું કે હમણાં ડોસાભાઈએ ગામની બધી જ વાડીના ગોળનું સાટું કર્યું છે. તેથી વેપારનો આવો લાભ છોડી સાધુ થશે નહિ. તેથી મહારાજને હા પાડી. મહારાજે તેમને લગ્ન પતી ગયા પછી પાછા વળતાં મળવાનું કહ્યું. મહારાજે ભગુજીની સાથે ભગવાં વસ્ત્રો અને ચિઠ્ઠી ડોસાભાઈ પર મોકલ્યા. ડોસાભાઈએ ભગુજીને જોઈ દંડવત્ પ્રણામ કર્યાં ને મહારાજની આજ્ઞા પૂછી. મહારાજની ચિઠ્ઠી વાંચી ડોસાભાઈએ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં અને મહારાજ પાસે આવ્યા. આ બાજુ વાણિયાઓ પાછા વળતાં બંધિયા આવ્યા. મહારાજ પાસે સાધુના વેશમાં બેઠેલ ડોસાભાઈને જોઈને તેઓ આશ્ચર્ય પામ્યા અને ડોસાભાઈ વિષે ગમે તેમ બોલવા બદલ મહારાજની માફી માંગી.

૨. **રામબાઈએ ઘડામાંથી થોડું પાણી પીધું અને બાકીનું કૂવામાં નાંખ્યું. (૨૪/૭૩-૭૪) :-** કઠલાલમાં રામબાઈ એકલા જ સત્સંગી હતા. એક દિવસ મહારાજ અને સંતમંડળ તેના ગામની ભાગોળેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તે મહારાજ પાસે પહોંચી ગયા ને વિનંતી કરી કે 'મહારાજ, ગામમાં પધારો.' પરંતુ મહારાજને વરતાલ પહોંચવાની ઉતાવળ હતી તેથી તેમની મરજી જાણીને આગ્રહ મૂકી દીધો ને માથેથી પાણી ભરેલું બેડું ઉતારી સર્વેને ભાવથી પાણી પાયું. મહારાજને કહ્યું, 'આપ આ પાણીના ઘડામાં પગ બોળો.' મહારાજે પૂછ્યું, 'તે પાણીનું તમે શું કરશો?' ત્યારે તેમણે કહ્યું, 'આ ચરણામૃત હું થોડું પીશ અને બાકીનું ગામના કૂવામાં નાખીશ.' આ ગામમાં સત્સંગ નથી, પણ આ પ્રસાદીનું પાણી જાણે-અજાણે જે પીશે તેને સત્સંગના સંસ્કાર થશે; સત્સંગી થઈ આપનું ભજન કરશે.' પોતાના ઇષ્ટદેવની પાસે ભૌતિક સુખની માગણી ન કરતાં કેવળ 'સૌનું સારું થાય' એ ભાવનાનું ભગવાન સ્વામિનારાયણે આવા સ્ત્રી-હરિભક્તોમાં સિંચન કર્યું હતું. સુરાખાચર તથા સોમલાખાચર વગેરે કાઠી હરિભક્તોએ રામબાઈને કહ્યું :'તમારાં ધન્યભાગ્ય છે કે તમે શ્રીજીમહારાજનો આવો મહિમા સમજો છો ને અચળ વિશ્વાસ ધરાવો છો. ગામના જે ભાગમાં આ કૂવો છે ત્યાંના તમામ વંશજોમાં અદ્યાપિ પર્યંત સત્સંગ જળવાયો છે. ફક્ત પ્રસાદીનું પાણી પીધાનો કેવો અદ્ભૂત પ્રતાપ!

૩. **શ્રીજીમહારાજ ગણિકાના મહેલે પધાર્યા. (૧૧/૨૯ થી ૩૧) :-** શ્રીજીમહારાજે જેતલપુરમાં યજ્ઞ કર્યો. દરેક જણને બે મણ ઘઉં દળવા માટે આપ્યા. ગણિકાએ પણ ઘઉં દળવા માટે લીધા ને પોતાની જાતે ઘઉં દળ્યા. ઘઉં દળતાં તેના અંતરની મલિનતા દૂર થઈ. લોકોની શંકાનું નિરાકરણ કરાવવા મહારાજે તેના હાથ બતાવવાનું કહ્યું. હાથ ઉપર સખત ફોલ્લા પડી ગયેલા અને લોહીના ટશિયા ફૂટેલા હાથ જોઈને સૌ સભાજનો સ્તબ્ધ થઈ ગયા. શંકાનું નિવારણ થઈ ગયું. મહારાજે 'તેનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થશે' તેવા આશીર્વાદ આપ્યા. તે બાઈના આમંત્રણથી શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે તેના મહેલે પધાર્યા.

૪. **શ્રીજીમહારાજે કહ્યું, 'તમારું નામ અદ્ભુતાનંદ પાડીએ છીએ.' (૪/૧૩) :-** નવા પરમહંસોની સાથે કલ્યાણદાસને જોઈને મહારાજ કહે, 'આનું નામ કાગળમાં ક્યાં હતું ? તે કેમ આવ્યા છે ?' ત્યારે કલ્યાણદાસે કહ્યું, 'આપે કાગળમાં આદિક

ભક્તજનો' એમ લખ્યું હતું, તે 'આદિકમાં હું ગણાઉં કે નહિ ? વળી આપે એમ પણ લખ્યું હતું કે 'સાંખ્ય યોગી, કર્મયોગી સર્વે હરિજન નીકળજો અમારું ગમતું છે!' જગતના નાશવંત સુખમાં ન રહેતા આપનું ગમતું કરવા આવ્યો છું.' તેમને ખરા ખપવાળા જાણી મહારાજે પાસે બોલવી મીંઢળ છોડી નાખી દીક્ષા આપી કહ્યું, 'બીજા કોઈથી પણ ન કરી શકાય એવું અદ્‌ભુત કાર્ય કર્યું છે માટે તમારું નામ 'અદ્‌ભુતાનંદ' પાડીએ છીએ.'

**પ્ર.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **જેઠા મેર (૧૬/૫૧) :-** અનંત જીવોને પોતાના સંબંધમાત્રથી અક્ષરધામના અધિકારી બનાવવા શ્રીજીમહારાજ રાત દિવસ ગામોગામ વિચરણ કરી ભક્તોના લાડકોડ પૂરા કરતા. એક વખત શ્રીજીમહારાજ સંતમંડળ સાથે ગઢડાથી નીકળ્યા. રસ્તામાં મઢડામાં જેઠા મેર નામના એક હરિભક્તનું ઘર આવ્યું. મુક્તાનંદ સ્વામી વગેરે સંત મંડળને આગળ મોકલી મહારાજ જેઠા મેરના ઘરમાં પધાર્યા. જેઠા મેર તથા તેમનાં પત્નીએ આવકાર આપી, આસન આપી, વિપ્ર પાસે રસોઈ કરાવી મહારાજને જમાડ્યા. પતિ-પત્ની બંને અલગ ઓરડામાં રહેતાં હતા. મહારાજે બંનેને પોતાની પાસે બોલાવ્યા. ત્યારે જેઠા મેરે કહ્યું અમે છેડા વર્તમાન પાળતા હોવાથી એક ઓરડામાં સૂતાં-બેસતાં નથી. ત્યારે મહારાજે કહ્યું 'તમારું એ વ્રત આજથી પૂરું થયું' તેમ કહી ઉપદેશની વાતો કરી પોઢી ગયા. જેઠા મેરે પોતાની સ્ત્રીને શ્રીજીમહારાજનો ખૂબ મહિમા કહ્યો. આપણા ખૂબ મોટા ભાગ્ય છે કે આવા ભગવાન આપણે ઘેર પધાર્યા. આ પ્રમાણે ચિંતવન કરતાં હતાં ત્યાં તેમના આશ્ચર્ય વચ્ચે શિવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવતાઓ તેમજ લક્ષ્મી, પાર્વતી વગેરે અનેક શક્તિઓ પણ દેખાઈ. કોઈ મહારાજને થાળ ધરે, કોઈ આરતી ઉતારે, સ્તુતિ કરે આવા દર્શન થયા. તે સમયે બ્રહ્માએ જેઠા મેરને કહ્યું : ''તમો અને તમારી સ્ત્રી બંને ધન્ય થયાં છો. તમોએ ઘણા જન્મ સુધી તપ કર્યું અને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું છે, તેનું ફળ તમોને આજે મળ્યું છે.' બ્રહ્માદિક દેવોએ પણ જેઠા મેરને કહ્યું : 'કૃતયુગથી તમે બંને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળો છો તેથી પ્રસન્ન થઈને પ્રગટ ભગવાન તમારે ત્યાં પધાર્યા છે.' મોટા મોટા શિવ-બ્રહ્માદિક દેવો પણ જે કામને જીતીને વશ કરી શક્યા નહિ તે કામને જેઠા મેરે વશ કર્યો હતો. તેથી શ્રીજીમહારાજ અતિશય પ્રસન્ન થયા હતા. તેમ આપણને પણ આજે સંત દ્વારા પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. તે આપણા ખૂબ મોટા ભાગ્ય જાણી અખંડ આનંદમાં રહી નિયમ-ધર્મની મર્યાદામાં રહી શ્રીજીમહારાજનું ભજન કરવું. **અથવા**

૨. **સ્વયંપ્રકાશાનંદ સ્વામી (૨૦/૬૨) :-** બંગાળના એક ગામમાં એક આશ્રમની ઓસરીએ એક રાત્રે તીર્થવાસીઓ પરસ્પર વાત કરતાં હતાં કે સોરઠમાં જીવનમુક્તા પ્રગટ થયા છે. સમાધિ કરાવી ધામમાં મોકલે છે. ત્યાં જ અતિશય પ્રકાશ છવાય છે. તેથી તે મહંતને વિચાર આવ્યો 'જેની વાતમાં આવો અદ્‌ભૂત ઐશ્વર્ય પ્રતાપ છે તો તેમનામાં અપાર ઐશ્વર્ય હોવું જોઈએ.' વિચારીને દસ બાર ચેલા સાથે દ્વારકાની યાત્રાએ નીકળ્યા. રસ્તામાં લોજ ગામમાં શ્રીજીમહારાજ સ્વયં ભિક્ષા આપતા હતા. તેમનાં દર્શનથી મહંતને સમાધિ થઈ. સમાધિમાં અનેક ધામોનાં દર્શન સાથે અક્ષરધામમાં મહારાજને દિવ્ય સિંહાસન પર અનંત મુક્તો અપાર દિવ્ય ઐશ્વર્યશક્તિએ યુક્ત દર્શનથી શાંતિ. સમાધિમાંથી જાગી શ્રીજીમહારાજ પાસે આવ્યા. કહ્યું આપ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મને સેવામાં રાખો. તેમની પાસેની ૫૦૦ સોનામહોરો ચેલાઓને આપી વિદાય કર્યા. તેઓને મહારાજ પાસે દીક્ષા આપી સ્વયંપ્રકાશાનંદ નામ પાડ્યું. તેઓ વૈરાગ્યની પરાકાષ્ઠાવાળા નિયમ ધર્મમાં પૂરા હતા. અનેક સ્થળે વિચરણ કરી સત્સંગ કરાવ્યો. સમાધિનિષ્ઠ હતા. મહારાજે તેમના નિશ્ચય ને મહાત્મ્યના અંગની ગ.અં. ૨૪માં ખૂબ પ્રસંશા કરી છે.

૩. **આજ્ઞા (૨૨/૬૫) :-** સર્વ સત્સંગીએ શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યા પ્રમાણે કરવું તે આજ્ઞા. મહારાજ પણ શિક્ષાપત્રીમાં કહે છે 'શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે અમારા સંપ્રદાય થકી બહાર છે. ગણેશ અને કાર્તિકેયના દૃષ્ટાંતમાં પણ ગણેશે માતાની આજ્ઞા પ્રમાણે ગાયરૂપી પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં માતાજીનો રાજીપો અને કન્યા બેય મળ્યા. ભાદરાના ચાર કણબીઓએ મહારાજની આજ્ઞા પાળી તો મહારાજનું સુખ મળ્યું અને તેમના ખેતરો અકબંધ રહ્યાં. જયારે આજ્ઞા ન પાળનાર મહારાજના સુખથી વંચિત રહ્યા અને ખેતરો પણ ખલાસ થયાં. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ભગતજી ગિરનારને બોલાવવા ગયા. જાગા ભક્ત સાંખડાવદરના બીડમાં સોળ દિવસ ખડ સાચવવા રહ્યા. તો નિરાવરણ દૃષ્ટિથી સમૈયા ઉત્સવ અને કથાવાર્તાનું સુખ મેળવ્યું. ઉપનિષદમાં સત્યકામ જાબાલી, આરુણી, ઉપમન્યુ વગેરેએ આજ્ઞા પાલનથી મેળવેલ સુખના દાખલા જોવા મળે છે. આપણે માટે મુખ્ય આજ્ઞા નિજાત્માનં બ્રહ્મરુપં છે. એકાંતિક સત્પુરુષ પ્રમુખ સ્વામીની આજ્ઞાઓનું દૃઢપણે પાલન કરી તેમનો રાજીપો મેળવવાથી સુખ મળે છે. **અથવા**

૪. **સંપ્રદાયના તીર્થો (૮/૨૨) :-** તીર્થોની મહત્તા - ત્રણ પ્રકાર - **(૧) નિત્ય તીર્થ :** સૃષ્ટિના પ્રારંભથી જે ભૂમિમાં દિવ્ય પાવનકારી ગુણો છે તેને યોગે કરીને તે નિત્ય તીર્થ કહેવાય દા.ત. કૈલાસ, માનસરોવર, ગંગા, યમુના, નર્મદા વગેરે આ તમામ સ્થાવર તીર્થ પણ કહેવાય. **(૨) ભગવદીય તીર્થ :** જ્યાં ભગવાનના અવતાર થયા હોય, જ્યાં તેમણે લીલા કરી હોય, જ્યાં ભક્તોને દર્શન આપ્યાં હોય તે ભગવદીય તીર્થ (ભગવાન સંબંધી) કહેવાય. ભગવાન નિત્ય, દિવ્ય, અપાકૃત, ચિન્મય છે. તેમનાં ચરણ સ્પર્શથી ભૂમિ દિવ્ય થઈ જાય છે. છપૈયા, અયોધ્યા, ગઢડા, લક્ષ્મીવાડી, વરતાલ, અમદાવાદ, ડભાણ, જેતલપુર, ધોલેરા, મૂળી, ભુજ, જૂનાગઢ તથા સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છની પંચતીર્થ ભગવદીય તીર્થ કહેવાય. **(૩) સંત તીર્થ :** સંતને પરમાત્મા સાથે અખંડ સંબંધ છે. તેથી તેમના સંબંધમાં આવતી તમામ વસ્તુઓ પર તેનો પ્રભાવ પડે છે. અને તીર્થરૂપ બની જાય છે. એવા સંતની જન્મભૂમિ, સાધનાભૂમિ, નિર્વાણભૂમિ વિશેષપણે પવિત્ર ગણાય છે. આવા સંત જંગમ તીર્થ કહેવાય છે. ભાદરા, મહુવા, મહેળાવ, ધારી, ચાણસદ, બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા, અમદાવાદ, સાંકરી વગેરે સ્થળો ભગવત્સ્વરૂપ સંતોના સંબંધે તીર્થત્વ પામ્યા છે.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધઃ અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. (૧) રાધાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું. (વચ.ગ.પ્ર. ૫) (૨) એવું ભગવાનના ધામરૂપ અક્ષર તે રૂપે પોતાના સ્વરૂપને માનીને પરમાત્માનું ધ્યાન કરવું. (વચ.લો.૧૨) (૩) ध्यानमूलं गुरोर्मूर्तिः (૧૩/૪૨) **નોંધ : કોઈપણ એક લખેલ હોવું જોઈએ.**

૨. ગામમાં સંતો આવે ત્યારે પોતાના ઘેરથી પહેલું સીધું લાવી તેમની મરજી પ્રમાણે જમાડવાનો રાજાભાઈને નિયમ હતો. (૧૯/૫૯)

૩. અન્ન-દ્રવ્યની શુદ્ધિ માટે દશમો ભાગ ઠાકોરજીને અર્થે અર્પણ કરવાનો નિયમ આપ્યો છે. (૧/૩)

૪. દેવલોકને ભગવાનના ધામ (અક્ષરધામ) આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. (૩૧/૯૧)

૫. મૂળજી બ્રહ્મચારી અને સોમલાખાચર શ્રીજીમહારાજના સ્વભાવને યથાર્થ જાણનારા હતા. (૧૦/૨૯)

૬. વચનામૃત સિવાય બીજામાં માલ મનાય છે એ જ મોહ છે. (૧૨/૩૩)

**પ્ર.૫ ભગવાન ને મોટા સાધુને... (૨૭/૮૧) 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધઃ સ્વામીની વાત પૂરી કરવાનો ૧ ગુણ અને નિરૂપણના ૪ ગુણ ગણવા.**

**"ભગવાન ને મોટા સાધુને આશરે કરીને વાદળ જેવાં દુઃખ આવવાના હોય તે પણ ટળી જાય ને સાધના કરીને તો ફૂટી ફૂટીને મરી જાય તો પણ ન ટળે." :-** આ વાતમાં મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આપણને સમજાવે છે કે આપણે માથે ગમે તેવાં દુઃખ આવ્યાં હોય પણ ભગવાન અને સંતને વિષે અનન્ય નિષ્ઠા રાખી તેમને આશરે બેસીએ તો તેમની કૃપાથી દુઃખ ટળી જાય તે પર એક પ્રસંગ ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં બનેલ : એક વખત ગુણાતીતાનંદ સ્વામી થાણાગાલોલ ગામે પધાર્યા અહીંના હરિભક્ત જસા રાજગોર સત્સંગી બહુ સારા. પણ વ્યવહારે ખૂબ જ દુર્બળ. જમીન પણ સાધારણ. બહુ સારું પાકે નહિ. સ્વામી પધાર્યા એટલે પોતાની આવી સ્થિતિ હતી છતાં પણ પોતાની શક્તિ પ્રમાણે સેવા કરી ને સાથે સાથે પ્રાર્થના કરી કે વ્યવહાર દુબળો અને વળી રસ્તાનું ગામ તેથી સંતો હરિભક્તો આવે તેમની સંભાળ પણ બરાબર થતી નથી. અને વ્યવહારમાં પણ અન્ન વસ્ત્રનું દુઃખ અને ખેતીમાં પણ બરકત નથી. સ્વામીએ પોતાના ભક્તનાં દુઃખ અંગે થોડો વિચાર કરી પુછ્યું, 'તમારી પાસે કંઈક છે ?' જસા રાજગોરે પાલી બાજરો ઘરમાં હતો તે લાવી આપ્યો. સ્વામીશ્રીએ તે બાજરો સાથેના સાધુને આપીને કહ્યું, 'આ સાથે લઈ લેજો. જૂનાગઢ જઈ પલાળી, સૌ સંતોને મૂઠી મૂઠી આપીશું' પછી સ્વામીએ પૂછ્યું, 'ભગત ! ઘરમાં કંઈક લૂગડું છે ?' પછી ભગત ઘરમાંથી વેજું લઈ આવ્યા. તેમાંથી સ્વામીએ એક ગરણું ફાડી લીધું પછી સ્વામી જસા ભગતને ખેતરે ગયા. ખેતર જોઈને કહ્યું કે આ જમીન તો સોનું પાકે તેવી છે, માટે વણ વાવજે. પછી જસા ભગતે સ્વામીની આજ્ઞા મુજબ કોઈનું સાંતી માંગી આડાઅવળા ઓગણીસ લીટા સ્વામીની આજ્ઞા પ્રમાણે કરી વણ વાવ્યો. તે કાલા બહુ થયા. બધું દેવું ઊતરી ગયું અને પાંચસો રૂપિયા વધ્યા. તેમાંથી સંતોને સારી રસોઈ આપી અને વ્યવહારે ખૂબ સુખી થયા. આ તો સામાન્ય વ્યવહારનું દુઃખ હતું. પણ આશરો અનન્ય હતો. તો સાવ સાધારણ જમીનમાં પણ સ્વામીએ અમી રેડ્યું અને દુઃખ ટાળ્યું. આવા અનુભવો તો અનેક હરિભક્તોને થયા છે. પાંડવોને માથે ઘણાં જ દુઃખ આવ્યાં. વનવાસ થયો, યુદ્ધ પણ થયું, પણ એક શ્રીકૃષ્ણ ભગવાનનો અનન્ય આશરો હતો તો દુઃખ સર્વે ઊડી ગયાં. અને તેમનો જય થયો. જો ભગવાનનો આશરો ન હોય તો પોતાનું ગમે તેટલું બળ કે બુદ્ધિ કાંઈ કામ લાગતાં નથી. તેથી આપણે પણ દુઃખ આવે ત્યારે ભગવાન અને સંતને બાઝી પડવું. એટલે તેમની ખૂબ ભક્તિ કરવી જેથી દુઃખ સર્વે નાશ પામે અને સુખ થાય. **અથવા**

**ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪ ભાગવત ધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું (૧૮/૫૭) વચનામૃતનું નિરૂપણ લખો.**

**☞ નોંધ : નિરૂપણનાં ૩ ગુણ અને સમગ્ર અસરનાં ૨ ગુણ ગણવા.**

**નિરૂપણ :-** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત જે ધર્મ તેને એકાંતિક ધર્મ કહે છે અથવા ભાગવતધર્મ પણ કહે છે. આવો જે ભાગવતધર્મ તે હંમેશા પૃથ્વી પર ભગવાનને આશરીને રહેલો હોય છે. જ્યારે યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યાર પછી ધર્મ કોને શરણે રહ્યો ? શ્રીમદ્‌ભાગવતમાં આ સંવાદ ચાલી રહ્યો છે, તેના અનુસંધાનમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછયો કે આ ભાગવતધર્મનું પોષણ કેમ થાય છે ? અર્થાત્ ભાગવત ધર્મ તે પૃથ્વી પર અખંડ કેવી રીતે પ્રગટ રહે ? અને બીજો પ્રશ્ન પૂછયો કે 'જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ?' ત્યારે શ્રીજીમહારાજે જવાબ આપતાં કહ્યું કે 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા પરમ એકાંતિક સંત તેને આશરીને ભાગવતધર્મ રહે છે. માટે એવા સાધુના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે. સાક્ષાત્ ભગવાનના સંગથી અથવા તદ્‌વદ્‌ભાવને પામેલા આવા ભક્ત-પરમ એકાંતિક સંતના પ્રસંગ થકી જ ભાગવતધર્મ મુમુક્ષુ જીવો પામી શકે - બીજો કોઈ ઉપાય નથી. આ ભાગવત ધર્મને પામવો અર્થાત્ સિદ્ધ કરવો એ મોક્ષનું દ્વાર ઉઘાડું કર્યા બરોબર છે. આવા ભાગવતધર્મના અધિકારી નિર્મત્સર સંતના પ્રસંગ થકી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. આખું ભાગવત જેને કંઠસ્થ હતું એવા દીનાનાથ ભટ્ટને 'મોક્ષનો શ્લોક કયો ?' એ પ્રશ્ન શ્રીજીમહારાજે પૂછયો. તેઓ કહી શક્યા નહિ. ત્યારે શ્રીજીમહારાજે તેમને 'પ્રસંગમજરમ્...' આ શ્લોક કહી બતાવ્યો. પ્રસંગ એટલે શું ? જેવો આ જીવને પોતાના દેહની સાથે તથા સગાંસંબંધી સાથે છે તેવો પ્રસંગ અર્થાત્ આત્મબુદ્ધિ આવા પરમ એકાંતિક સંત સાથે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે, કારણ સાચા સંત હોય તે ભગવાનમાં જ જોડે છે. પણ કદાપિ પોતામાં જોડતા નથી. બીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે જણાવ્યું કે જેને પરમેશ્વરના વચનની ખટક છે અર્થાત્ આજ્ઞા પાળવાનો ઈશક છે તે કદાપિ ધર્મમાંથી પડે નહિ તેમ જાણવું પણ આજ્ઞા પાળવામાં દઢતા નથી તો તેનો ધર્મ પણ દઢ નહિ રહે તથા સત્સંગ પણ દઢ નહિ રહે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- જવાબમાં આપેલ અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- કૃપાનંદ સ્વામી (૧૭/૫૨)   ફક્ત નંબર :- ૨, ૪, ૬, ૮, ૧૦**

**પ્ર.૭ નીચેની પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ :- અડધી સાચી કડીનો (૧) ગુણ આપવો.**

૧. કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે;
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે. (૧૨/૩૯)

૨. રસિયા જોઈ રૂપાળી કોટ રૂડી રેખાવળી રે લોલ,
વહાલા મારું મનડું મળવા ચ્હાય કે જાય ચિતડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ રૂડાં તિલ ચાર છે રે લોલ,
વહાલા તારા કંઠ વચે તિલ એક અનુપમ સાર છે રે લોલ. (૨૧/૬૪)

૩. પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત. (૨૬/૭૮)

૪. પચરંગી પુષ્પનાં કંકણ કર વિષે, બાંધે બાજુબંધ પુષ્પ કેરાં;
ચરણમાં શ્યામને નૂપુર પુષ્પનાં, લલિત ત્રિભંગી શોભે ઘણેરાં. (૬/૧૬)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : - કિર્તન/અષ્ટક/ શ્લોક અડધો સાચા હોય તો ૧ ગુણ આપવો.**

૧. सत्यवादिने नमः, गुणग्राहिणे नमः, गतस्मयाय नमः, सदाचारप्रियतराय नमः, पुण्यश्रवणकीर्तनाय नमः,
सर्वमङ्गलसद्रूपनानागुणविचेष्टिताय नमः (૧૫/૫૧)

૨. दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधिं प्रथयितुं च पतौ रमायाः ।
सालम्बसाङ्ख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।। (૯/૨૫)

૩. ગુજરાતી ભાષાંતર : અહો ! જે ગોપીઓ કોઈથી પણ ન ત્યાગ થઈ શકે તેવા સંબંધીજનનો અને આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને વેદોએ ગોતવા યોગ્ય એવી મુકુંદ ભગવાનની પદવીને ભજતી હતી અર્થાત્ ભગવાનમાં ધ્યાનપારાયણ થતી હતી; તે આ ગોપીઓના ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં વર્તતી ગુલ્મ, લતા, ઔષધિ વગેરેને મધ્ય હું પણ કોઈક થઉં એટલે કોઈક તૃણ કે કીટકાદિરૂપે ગોપીઓના ચરણરેણુના સ્પર્શને યોગ્ય હું થઉં આવી આકાંક્ષા કરું છું. (૩૨/૯૨-૯૩)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, સાતમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૫)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે - ૧, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **'તું કહે તો આખા ભાદરા ગામને અક્ષરધામમાં હું લઈ જઉં!"** (૩/૮) જ. મૂળજી ભક્ત - નથુ વાળંદને
નથુ વાળંદે એકવાર કહ્યું કે 'રામચંદ્ર ભગવાન કેવા જબરા? આખી અયોધ્યાને વૈકુંઠમાં લઈ ગયા ? ત્યારે મૂળજી ભક્ત કહે છે.

૨. **"મોટા તો એક ખુદાતાલા છે."**(૪૩/૭૦) જ. ગુણાતીતાનંદ સ્વામી - મુસલમાનોને
સંઘના મોટેરાને મારી નાખીએ તો હિન્દુઓ તેનું ભજન કરતાં બંધ થાય તેવા આશયથી મુસલમાનોએ સ્વામીને પૂછ્યું 'તમે મોટેરા છો ને ? ત્યારે સ્વામીશ્રી કહે છે.

૩. **"તમે જો સાચું માનતા હો તો તેમનાં દર્શને ચાલો."** (૧૮/૩૫) જ. સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - પંડિતોને
મહેમદાવાદ સ્વામીશ્રીએ પોતાના શરીરમાંથી એટલો બધો પ્રકાશ પ્રગટ કર્યો અને પાછો સમાવી દીધો. તેથી અંજાઈ ગયેલા પંડિતોએ સ્વામીને કહ્યું :'તમે બ્રહ્મ ખરા!' ત્યારે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **બાઉદીન રંકમાંથી રાય બન્યો. (૩૭/૬૩) :-** શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે સંત-હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા ત્યારે ઠંડીનો ચમકારો હોવાથી સ્વામીને ખૂબ ઠંડી લાગી. તેથી તાપવાની ઈચ્છા થઈ. થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાની ભારી બાંધીને બેઠો હતો. ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે લાકડાની માંગણી. બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઈંધણાં આપ્યાં. ફકીરની દુઆ મેળવવાની ઈચ્છા. સ્વામી રાજી થયાં. હવે તેને લાકડાં, કાપવાં નહિ પડે. સ્વામી મંદિરે પરત આવ્યા. આ કઠિયારો બાઉદીન તેની બહેન સાથે બજારમાં નીકળ્યો ત્યારે નવાબની સવારી નીકળી હતી. નવાબને બહેનનું રૂપ જોઈ નિકાહ પઢવાની ઈચ્છા થઈ. દરબારમાં બોલાવી વાત કરી. માની સંમતિથી બાઉદીને નવાબ સાથે બહેનને પરણાવી નવાબનો ખાનગી કારભારી અને દીવાન બન્યો. સ્વામીના આશીર્વાદથી જ પોતાની ઉન્નતિ થઈ તેનો ખ્યાલ રાખી મંદિરે દર્શને આવતાં ને રસોઈ આપતા, સંતોની સેવા કરતા. આમ સ્વામીની દૃષ્ટિથી બાઉદીન રંકમાંથી રાય બન્યો.

૨. **આત્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને પોતાના પત્તરની પ્રસાદી આપી નહિ. (૪૨/૬૮) :-** ભાઈ આત્માનંદ સ્વામી ૧૧૬ વર્ષના થયા. છતાં મહારાજ તેમને ધામમાં કેમ તેડી જતાં નથી ? તેવું તેમણે સ્વામીશ્રીને પૂછયું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર રહી જતી હશે એમ કહી શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ છે. બ્રહ્મરૂપ થયા વિના તેમની ભક્તિનો અધિકાર મળતો નથી, વગેરે ઉપાસના સંબંધી વાતો સમજાવી. સ્વામીનાં વચને આત્માનંદ સ્વામીને મહારાજનો યથાર્થ નિશ્ચય થયો. સ્વામીનો પણ મહિમા સમજાયો. સ્વામીએ હંમેશ મુજબ આત્માનંદ સ્વામી પાસે પત્તરની પ્રસાદી માગી ત્યારે સ્વામીએ કહ્યું અવળી ગંગા ન હોય. આજ સુધી મેં અજાણમાં મારા પત્તરની પ્રસાદી તમને આપી પણ આજે તમારો જેમ છે તેમ મહિમા સમજાયો છે.

૩. **ખંભાતના નવાબ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને આવ્યા. (૩૩/૫૮) :-** સ્વામી ખંભાત પધારવાના હતા ત્યારે સૌ હરિભક્તો સ્વામીનું સ્વાગત કરવા નવાબ સાહેબનો રૂપાનો મ્યાનો માગી લાવ્યા પણ સ્વામી તેમાં બેઠા નહિ. આ વાતની નવાબને ખબર પડી ત્યારે નવાબે પૂછયું 'એવા એ કોણ છે ? અને ક્યાંના છે ? જે રૂપાના મ્યાનામાં ન બેઠા ને સાદા સિગરામમાં બેઠા ?' ત્યારે કોઈએ કહ્યું બાપુ ! એ તો જૂનાગઢના ગિરનારી સિદ્ધ છે ને બડા સમર્થ ઓલિયા પુરુષ છે.' તે સાંભળી ઉત્કંઠા થવાથી નવાબ સ્વામીનાં દર્શને આવ્યાં.

૪. **શાસ્ત્રીજી મહારાજ ઘણા મુમુક્ષુઓને માલજી સોની પાસે લઈ જતા. (૩૦/૫૨) :-** વરતાલ ચૈત્રી પૂનમના સમૈયામાં સ્વામીની કોટ હારથી ભરાઈ ગઈ. તે જોઈ ભોયકાના માલજી સોનીએ પોતાના ગુરુ ગોપાળાનંદ સ્વામીને પૂછયું :'આ સદ્‌ગુરુ કોણ છે ?' ત્યારે સ્વામીએ કહ્યું 'મેં તને નહોતું કહ્યું કે હું તને અક્ષરધામ બતાવીશ. તે આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. માટે ઓળખી લે.' તે સાંભળી માલજી સોનીએ સ્વામીના સ્વરૂપનો નિશ્ચય કર્યો. આ માલજી સોનીને શાસ્ત્રીજી મહારાજ મળેલા અને તેમના મુખેથી ઉપરની વાત સાંભળેલી. તે પછી શાસ્ત્રીજી મહારાજ ઘણા મુમુક્ષુઓને માલજી સોની પાસે ભોયકા લઈ જતા ને આ વાત સંભળાવતા.

**પ્ર.૧૧ નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **સૂક્ષ્મ તપ (૧૬/૩૦) :- જ.** સ્વામીને દેહનો અનાદર હતો તેથી પોતાના દેહને કષ્ટ આપવામાં ટેવાઈ ગયા હતા. પોતે જે મંડળમાં જાય ત્યાં ઝોળી માંગવા જાય અને ભિક્ષામાં જે કાંઈ અન્ન મળે તેમાંથી મંડળના મોટેરા સદગુરુ તેમજ બીજા સાધુઓને જમાડી છેલ્લે જે કાંઈ બાકી વધે તે પોતે જમી લેતા. કોઈ કોઈ વખત તો ભૂખ્યા રહેવું પડે. છતાં કોઈને જણાવતા નહિ. આમ અર્ધી ભૂખ તો પોતે સદા વેઠતા જ. એક વખત મોટા રામદાસ સ્વામીની માગણીથી મહારાજે સ્વામીને તેમની સાથે ફરવા મોકલ્યા. એક ગામમાં પહોંચ્યા. ત્યાં બે-ત્રણ સંતોને તાવ આવ્યો તેથી થોડું વધુ રોકાવાનું થયું. તાવને કારણે અનાજ સંતોથી લેવાતું ન હોવાથી એક હરિભક્ત મઠ શેકીને લાવ્યા. ફરસા મઠ માંદાને ભાવે તેવા હતા તેથી રામદાસ સ્વામીએ તે સંતોને મઠ આપ્યા. પરંતુ મઠ વધારે હતા તેથી મંડળના સૌ સંતોને વહેંચવા છતાં શેર મઠ વધ્યા. બધા સંતો તૃપ્ત થઈ ગયા હતા. કોઈ વધુ ખાઈ શકે તેમ ન હતા અને મહારાજે ભિક્ષામાં આવેલ અન્નનો સંગ્રહ ન કરવાનો નિયમ આપેલ. આ સંજોગોમાં રામદાસ સ્વામીએ સંતોને ફરી મઠ જમી જવા વિનંતી કરી. તે વખતે હંમેશા ભૂખ સહન કરતાં સ્વામી બોલ્યા, ''આપની ઈચ્છા હોય તો લાવો હું જમી જાઉં.'' એમ કહી તે મઠ સ્વામી જમી ગયા. તે જોઈ રામદાસ સ્વામીએ કહ્યું : ''અહો સાધુરામ રોજ આટલી ભૂખ વેઠો છો?'' આમ ભૂખ હોવા છતાં પણ ન જમવું એ એક પ્રકારનું સૂક્ષ્મ તપ છે. આવું તપ સ્વામી કરતા.

૨. **'માન અપમાનમેં એકતા' (૪૮/૭૬) :- જ.** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર - આ વાતનો પ્રચાર સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત દ્વારા સત્સંગમાં - કેટલાકને ન રુચ્યું - સૌએ સ્વામીને ઠપકો દેવાનું નક્કી - સંવત્ ૧૯૨૨ની સાલમાં ચૈત્રી પૂનમે સ્વામી વરતાલમાં - સવારની સભામાં શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસજીની શિખવણીથી ગઢડાના કરુણાનંદ બ્રહ્મચારીએ સભામાં સ્વામી માટે અપમાનના શબ્દો - ગુણાતીતાનંદ સ્વામીને પ્રભુ થવું છે. - પૂજાય છે - કોઈ તેમને કેમ કંઈ કહેતું નથી? - શુકમુનિએ સૂર પૂરાવ્યો કે મને કોઈએ શુકજી ન કહેવો અને ગુણાતીતાનંદ સ્વામીને અક્ષર ન કહેવા - સ્વામી સ્વસ્થ ચિત્તે સાંભળી રહ્યા - પછી ધીરગંભીર થઈ બોલ્યા - પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે બીજાથી પ્રભુ થવાશે નહિ. આપણે તો સાધુ છીએ. પણ જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય હોય. જેવો રાજાનો હુકમ ચાલે તેવો રાણીનો હુકમ ચાલે. અને જેવો ભગવાનનો પ્રતાપ તેવો સાધુનો પ્રતાપ પણ કહેવાય. આ પ્રસંગ પછી સ્વામી આચાર્ય મહારાજ સાથે મંદિરમાં પધાર્યા - આચાર્ય મહારાજની આજ્ઞાથી માળીએ સ્વામીને ગુલાબનો હાર પહેરાવ્યો. સ્વામી સાધુની ધર્મશાળામાં જતાં હતાં ત્યાં સામે હરિસ્વરૂપદાસજી મળ્યા. પોતાની ડોકમાંનો હાર તેમને પહેરાવી બોલ્યા,

''હળદી જરદી નવ તજે, ખટરસ ન તજે આમ,
ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.''

એમ કહી સ્વામી આગળ ચાલ્યા. ત્યાં અદ્‌ભુતાનંદ સ્વામી, શુકસ્વામી તથા પવિત્રાનંદ સ્વામીએ સ્વામીને પોતાના આસને બોલાવી પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં અને સાકરનો પડો મૂકીને કહ્યું, 'સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો.' માન-અપમાનના આવા પ્રસંગોમાં પણ સ્વામીની આવી સ્થિરતા જોઈ સદ્‌ગુરુઓને પ્રતીતિ થઈ કે સ્વામી ગુણાતીત ખરા ! સૌને અંતરમાં પરિતાપ થયો. બધા સંતોને પોતાની ભૂલ સમજાઈ - સ્વામીની માફી માગી.

૩. **ગૃહત્યાગ અને દીક્ષા (૫/૧૩) :- જ.** સંવત ૧૮૬૬ના કારતક સુદ પૂનમે મૂળજી ભક્ત નદીકિનારે આવેલા પોતાના શેરડીના વાઢમાં પાણી વાળતા વિચારતા હતાં સંસારત્યાગ માટે મહારાજની આજ્ઞા ક્યારે મળશે ? અચાનક શ્રીજીમહારાજે અંતરીક્ષમાં પ્રત્યક્ષ દર્શન દઈને કહ્યું 'આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે. હવે ચાલી નીકળો.' અને તરત જ મૂળજી ભક્ત નીકળી ગયા. ગઢડા આવી મહારાજને દીક્ષા દેવાની યાચના કરી ત્યારે મહારાજે પરીક્ષા કરતાં કહ્યું 'તમારું ઘર બાળીને આવ્યો છો ? કે એમ ને એમ રાખીને ?' ત્યારે મૂળજીએ કહ્યું એ તો એમ ને એમ જ છે. તો મહારાજે ઘર બાળીને આવવાની આજ્ઞા કરી. મૂળજી ભક્ત તો તરત ભાદરા જવા નીકળ્યા. મહારાજે પાછા બોલાવી લીધા પણ તેમના ભાઈ સુંદરજી તેમને

લેવા આવ્યા. તેથી મહારાજે તેમને સૌને સમજાવીને ફરી આવવાની આજ્ઞા કરી. મૂળજી ભક્ત નાનાભાઈ સુંદરજીને પણ પોતાની સાથે સાધુ કરવા તેડી લાવ્યા. સં.૧૮૬૬ પોષ માસમાં શ્રીજીમહારાજે ડભાણના મહાન યજ્ઞની પૂર્ણાહૂતિમાં ભાગવતી દીક્ષા આપીને 'ગુણાતીતાનંદ' નામ ધારણ કરાવ્યું.

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** ☞ **નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ભાદરા ગામે સંવત ૧૮૪૧ ના આસો સુદ પૂનમને દિવસે થયો. (૧/૨)
૨. વર્ષોવર્ષ એક માસ સ્વામીનો સમાગમ કરવા જે આવશે તેની કરોડ જન્મની કસર હું એક જન્મમાં ટાળી નાખીશ. (૨૫/૪૩)
૩. બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક માત્ર ગુણાતીતાનંદ સ્વામી જ હતા માટે. (૮/૨૧)
૪. ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજ 'નિર્ગુણાનંદ' નામથી બોલાવતા. (૨૪/૪૨)
૫. મહારાજની અનુવૃત્તિ જાણીને સ્વામીએ દૂધ લેવાનું બંધ કર્યું. (૧૦/૨૫)
૬. કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી અને બગસરાના વેલો સથવારો આ ચાર હરિભક્તોનો સમાગમ કરવાનું ગુણાતીતાનંદ સ્વામી સંતોને કહેતા. (૩૯/૬૪)

**પ્ર.૧૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

**૧. જીવની અવળાઈ (૪૧/૬૬) :-** જ. સ્વામીના આગમનથી કેટલાય હરિભક્તોને વૈરાગ્યની ચટકી ચડી જતી. સંસાર ઝેર લાગતો - ભાયાવદરના હંસરાજ પટેલનો દીકરો વસ્તો સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતો - તે સ્વામીની વાતોમાં લીન થતાં મુખ પર દિવ્ય આનંદ છવાઈ જતો. પણ સ્વામી તેને ભાયાવદર પાછો મોકલી દેતા. વળી પાછો જૂનાગઢ આવી જતો. એકવાર તેના પિતા તેને લેવા જૂનાગઢ આવ્યા. વસ્તાએ ઘેર જવાની ના પાડી. તેને સાધુ થવું હતું. પણ હંસરાજભાઈએ સાધુ થવાની ના પાડી. વસ્તાને પરાણે ઘેર લઈ ગયા. આ વખતે હંસરાજભાઈએ વસ્તાના બે પગ લાકડાની હેડ્યમાં બાંધી રાખ્યા ને ઓરડાને તાળું મારી પૂરી દીધો. વસ્તો સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યો. સ્વામી ત્યાં પ્રગટ થયા. તેણે સ્વામીને જૂનાગઢ લઈ જવા વિનંતી કરી. સ્વામીની દૃષ્ટિથી તે નિરાવરણ બની ગયો. સ્વામીની પાછળ ચાલવા લાગ્યો. જૂનાગઢ સ્વામીને પ્રત્યક્ષ જોઈને દંડવત્ કર્યા. મંદિરની સેવા કરવા લાગ્યો. સવારે હંસરાજભાઈએ ઓરડો ખોલ્યો. તે હેડ્ય વાસેલી પડેલી પણ વસ્તો નહિ. તે જૂનાગઢ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ સમજાવ્યા. આખી રાત ધાણી ફૂટે તેવો તાવ આવ્યો અને સવારે વસ્તાએ દેહ મૂકી દીધો. હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર પાછા આવ્યા. **ભાવાર્થ:-** ભગવાનની કૃપાનો પાર નથી ને જીવની અવળાઈનો પણ પાર નથી. સત્પુરુષ જે કંઈ પણ કહે છે તે આપણા સારા માટે જ કહે છે. પણ જીવની અવળાઈને કારણે વાત સમજાતી નથી. આપણે આપણા મનનું ધાર્યું કરવા જઈએ. તો દુ:ખ આવે છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે 'મન ધાર્યું કરવું તે કનિષ્ટ છે. સત્પુરુષનું કહ્યું કરવું તે શ્રેષ્ઠ છે.' તે આપણા હિતની જ વાત કરે છે. ''દાસના દુશ્મન હરિ કે દિ' હોય નહિ.''

**૨. મુંજો સૂરુ સત્સંગી થયો (૩૧/૫૨) :-** જ. લીલાખા ગામનો ચારણ મુંજો સૂરુ દારૂ-માંસના ભક્ષણથી પાપી ને હિંસક બની ગયો હતો. સ્વામી એક વાર તેના ગામ પધાર્યા ત્યારે તેને બોલાવ્યો ને ઉપદેશ આપતાં કહ્યું 'અફીણ એક કલ્પ સુધી, ભાંગ ત્રણસો કલ્પ સુધી અને દારૂ, માંસ હજાર કલ્પ સુધી તેના પીનારને નરકમાં નાખે છે. બ્રહ્મા પણ સુરાપાન કરે તો અશુદ્ધ બની જાય છે. ત્યારે મુંજાએ કહ્યું આ તમારી વાતો બ્રાહ્મણ, વાણિયા માટે હશે. અમે તો શાસ્ત્રનાં પોથાંને અદ્ધર લટકાવી રાખીએ છીએ. ત્યાં જ સ્વામીની દૃષ્ટિ પડવાથી તેને સમાધિ થઈ. અત્યંત ત્રાસદાયી નરક યાતના તેણે નજરે નિહાળી. તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. સ્વામીના ચરણમાં પડી માફી માંગતા કહ્યું સ્વામી ! જમપુરીનું દુ:ખ સાચું છે. મારે આવી જમપુરીમાં જવું ન પડે તેવી દયા કરો ! સ્વામીએ તેને વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી. એક વાર સ્વામી વગડામાં રાત રોકાયા હતા ત્યારે એક ભરવાડ આવી પૂછવા લાગ્યો, 'ઓલ્યા મુંજા સૂરુના ગુરુ તમે ?' તમે તો અમને ન્યાલ કરી દીધા. મુંજો જ્યારે અમારાં બકરાં કે ઘેટાંનાં ટોળામાં પડતો, ત્યારે કેટલાંય બકરાંને ઘેટાં ઉપાડી જતો. જ્યારથી તમે એને સત્સંગી કર્યો ત્યારથી એનો ત્રાસ મટી ગયો. તમે ખરા સાધુ આજથી તમે મારા ગુરુ. તે સ્વામિનારાયણ બોલી શકતો નહિ પણ 'ગુણાનંદ' બોલીને માળા ફેરવતો. **ભાવાર્થ :-** સાચા સંત મળે તો સાચા રસ્તે ચડાવી જીવનું કલ્યાણ કરે.

**૩. એક વાર મળતાં કઠણ પડ્યું (૯/૨૩) :-** જ. મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી સ્વામીશ્રી સુરતથી મહારાજ માટે અથાણાંની ત્રણ બરણી, સતીગીતાનું પુસ્તક, એક સાદડી તથા બરફીની માટલી લઈને ગઢડા જવા તૈયાર થયા. તેમની સાથે જોડમાં જવા ગોદડિયા શાંતાનંદ પણ તૈયાર થયા. તેમણે કહ્યું તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ. દુકાળની પરિસ્થિતિ હોવાથી મહારાજ કોઈને મળતા નહિ. પણ નાજા જોગિયાની સૂચનાથી સ્વામી કારિયાણી ગયા અને મહારાજને બધી વસ્તુ અર્પણ કરી દર્શન કર્યાં. સુરતના હરિભક્તોના નામ સ્વામી લેતા ગયા અને મહારાજ તેમને ભેટતા ગયા. આમ બાવીસ વાર મહારાજ સ્વામીને ભેટ્યા પછી શાંતાનંદ મહારાજને મળવા નજીક આવ્યા. ત્યારે મહારાજે પરાણે આવ્યા હોવાથી મળવાની ના પાડી. સ્વામીએ ભલામણ કરી ત્યારે મહારાજ એકવાર તેમને ભેટ્યા ખરા પણ કહ્યું સ્વામીને બાવીસ વાર મળતાં કઠણ ન પડ્યું તેટલું આ એક વાર મળતાં કઠણ પડે છે, કારણ કે આજ્ઞા વગર આવ્યા છો. **ભાવાર્થ :-** કોઈપણ કાર્ય ભગવાન અને મોટા સંતની ઈચ્છા અને આજ્ઞાથી કરીએ તો થોડું કાર્ય વધુ ફળ આપે. આજ્ઞા વગર વધારે કાર્ય કરીએ તો પણ તેનું ફળ જેવું તેવું મળે પણ ખરું અને ન પણ મળે માટે આજ્ઞાથી કાર્ય કરવું.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩, ૪ (૨૫/૪૩, ૪૫, ૪/૯, ૬/૧૯) **૨.** ૧, ૨, ૪ (૧૨/૨૮, ૧૨/૨૭, ૧૭/૩૨)
**૩.** ૨, ૪ (૪૫/૭૨, ૫૦/૮૦) **૪.** ૧, ૨, ૩, ૪ (૩૨/૫૬, ૪૮/૭૬, ૩૪/૫૯, ૨/૬)



❑ ❑ ❑